કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની વર્ગ-૧ની
આઇ.એ.એસ.ની એક જગ્યા ચાલુ રાખવાની મંજુરી
આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૨૦૧૧/૧૩૧૨ /આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩/૦૮/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૨/૪/૨૦૧૨નો સરખા ક્રમાંકનો ઠરાવ,
(૨) સામાન્ય વહિવટ વિભાગના તા.૧૨/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક-એઆઇએસ/૩૫.૨૦૧૫/૧૪/જી,
(૩) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૦૨/૦૭/૧૫નો પત્ર ક્રમાંક:મભય/મકમ/ક/૧૫/૬૨૮૫,

ઠરાવ —

શિક્ષણ વિભાગના સંદર્ભ-(૧)ના સરખા ક્રમાંકના ઠરાવથી સને.૨૦૧૨-૧૩માં માંગણી નં.૯ હેઠળ અંદાજ પત્રમાં પ્લાન સદરે કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની વર્ગ-૧ની આઇ.એ.એસ.ની એક જગ્યા ઉભી કરવા રુ.૧૦.૫૬ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. સંદર્ભ-(૨)ના સા.વ.વિ.ના જાહેરનામાથી શ્રી સુનિલકુમાર ધોલી, આઇ.એ.એસ.ને કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજના તરીકે સ્વતંત્ર રીતે નિયુક્તિ કરતાં સંદર્ભ-(૩)ના કમિશ્નરશ્રી,મ.ભો.યો.પત્રથી ઉકત જગ્યા તા.૨૯/૦૨/૨૦૧૬ સુધી ચાલુ રાખવા અંગેની દરખાસ્ત કરવામાં આવેલ જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨/ સરકારશ્રીની કાળજી પૂર્વકની વિચારણાને અંતે કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની વર્ગ-૧ની આઇ.એ.એસ.ની એક હંગામી જગ્યા નાણા વિભાગની સ્થાયી સુચના મુજબ ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ખાલી હોઇ રદ થવા પાત્ર છે. જે સદર જગ્યા ખાતાના વડાની જગ્યા હોઇ તથા હાલમાં આ જગ્યા તા.૧૫/૬/૧૫થી ભરાયેલ હોઇ, કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની વર્ગ-૧ ની આઇ.એ.એસ.ની સદરહું એક જગ્યા પુન:જીવીત કરી તા.૨૯/૦૨/ ૨૦૧૬ સુધી ચાલુ રાખવાની મંજુરી આથી નીચેની શરતોને આધિન આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો :-

(૧) કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની કચેરી,ગાંધીનગર દ્વારા ઉકત જગ્યા જે તે નાણાકિય વર્ષમાં ચાલુ રાખવાની મંજુરી અંગેની દરખાસ્ત સમયસર કરવાની રહેશે.

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૧/૦૭/૨૦૧૫ અને સા.વ.વિભાગની ની તા.૩૧/૦૭/૨૦૧૫ નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ) ના રહસ્ય સચિવ, સા.વ.વિ.સચિવાલય, ગાંધીનગર.
-- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવ, નાણા વિભાગ.સચિવાલય, ગાંધીનગર.

-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના, ગાંધીનગર.

--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગર.

-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)

-- નાયબ સેકશન અધિકારીશ્રી,

-- સિલેકટ ફાઇલ.